# COMMISSIONERATE OF TECHNICAL EDUCATION
# GUJARAT STATE
## GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
## ADMISSION COMMITTEE FOR PROFESSIONAL COURSES
## DIPLOMA TO DEGREE ENGINEERING - 2024-25
## INSTRUCTIONS FOR DDCET -2024

**DATE OF EXAMINATION: 07.04.2024**

### 1. DDCET એડમિટ કાર્ડ માટેની સૂચનાઓ:

- ઉમેદવારો પરીક્ષાના ૫ **દિવસ** પહેલાં તેમના લોગિન આઈડી દ્વારા તેમનું ઑનલાઇન એડમીટ કાર્ડ (હૉલ-ટિકિટ) ડાઉનલોડ કરી શકશે.
- કોઈપણ પરિસ્થિતિઓમાં, એડમીટ કાર્ડ વિના પરીક્ષા કેન્દ્ર અથવા પરીક્ષા હૉલમાં ઉમેદવારને પ્રવેશ આપવામાં **આવશે નહીં**.
- ઉમેદવાર એડમિટ કાર્ડમાં રહેલી કોઈપણ વિગત/માહિતી સંબંધિત કોઈપણ ફેરફાર કરી શકશે નહિ.
- ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે તેઓ જ્યાં સુધી પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી તેમનું એડમિટ કાર્ડ સારી સ્થિતિમાં રાખે.
- ઉમેદવારે એડમિટ કાર્ડ પર સહી કરવી આવશ્યક છે અને પરીક્ષા શરુ થતા બ્લોક સુપરવાઇઝર પાસેથી પણ સહી લેવી આવશ્યક છે.
- એડમિટ કાર્ડની વિગતો ચકાસો. જો કોઈ ભૂલ હોય, તો તેના માટે તરત જ DDCET સેલ, ACPC બિલ્ડિંગ LD કૉલેજ ઑફ એન્જિનિયરિંગનો સંપર્ક કરો.

### 2. EXAMINATION SCHEME:

#### 2.1 DDCET અભ્યાસક્રમ:

શૈક્ષણિક વર્ષ 2024-25 માં DDCET-૨૦૨૪ પરીક્ષા માટેનો અભ્યાસક્રમ ACPCની વેબસાઇટ www.acpc.gujarat.gov.in પર પ્રકાશિત થયેલ છે.

### 2.2 DDCET માટેની EXAMINATION SCHEME:

DDCET ૨૦૨૪ માટે ની પરીક્ષા પદ્ધતિ OMR આધારિત નીચે જણાવ્યા મુજબ પ્રશ્નોની સંખ્યા, ગુણ અને સમય પ્રમાણે MCQ (Multiple Choice Question) મુજબ હશે.

| Paper | Section | Paper | No. of question | Maximum Marks | Time Duration in minutes |
|---|---|---|---|---|---|
| Engineering and Technology | BE 01 | Basics of Science and Engineering | 50 | 100 | 150<br>Two and Half Hours) |
| | BE 02 | Aptitude Test (Mathematics and Soft Skill) | 50 | 100 | |
| | Total | | 100 | 200 | |
| | | | | | |
| Pharmacy | BPH 01 | Basic of Pharmacy | 80 | 160 | 150<br>(Two and Half Hours) |
| | BPH 02 | Aptitude Test (Soft Skill) | 20 | 40 | |
| | Total | | 100 | 200 | |

## 2.3 DDCET માટે પ્રશ્નપત્રનું સ્વરૂપ:

- પ્રશ્નપત્ર MCQ (Multiple Choice Question) મુજબ નું હશે, દરેક પ્રશ્ન માટે ચાર/પાંચ વિકલ્પ આપવામાં આવશે, જેમાંથી એક વિકલ્પ સાચો હશે.

  DDCET પરીક્ષાનું માધ્યમ:

  - ઇજનેરી વિદ્યાર્થીઓ માટે પરીક્ષાના પ્રશ્નપત્રો ગુજરાતી તથા અંગ્રેજી ભાષાઓમાં હશે.
  - ફાર્મસી વિદ્યાર્થીઓ માટે પરીક્ષાના પ્રશ્નપત્રો ફક્ત અંગ્રેજી ભાષામાં હશે.

## 3. પરીક્ષા દરમિયાન ધ્યાને લેવાની બાબતો:

ઉમેદવારોએ સમયપત્રક મુજબ પરીક્ષા હોલમાં પ્રવેશ આપવામાં આવશે અને જરૂરી સૂચનાઓ નું પાલન કરવાનું રહેશે.

## 3.1 પરીક્ષા કેન્દ્ર પર વ્યવસ્થા:

(i) દરેક પરીક્ષા હૉલમાં, મહત્તમ ૨૮ ઉમેદવારોને બેસવા દેવામાં આવશે.

(ii) સંબંધિત કેન્દ્ર સંચાલક પરીક્ષાના એક દિવસ પહેલાં સંબંધિત પરીક્ષા કેન્દ્ર ખાતે બેઠક નંબરોની વ્યવસ્થા કરશે.

(iii) ઉમેદવારને એડમિટ કાર્ડ વિના પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં

## 3.2 પરીક્ષા હૉલમાં પ્રવેશ અને જરૂરી અન્ય જરૂરી સૂચનાઓ:

(i) ઉમેદવારોએ સમયપત્રક મુજબ પરીક્ષા હૉલમાં પ્રવેશ લેવો જોઈએ.

(ii) પરીક્ષા શરૂ થયા પછી, કોઈપણ ઉમેદવારને કોઈપણ પરિસ્થિતિમાં પરીક્ષા હૉલમાં પ્રવેશ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

(iii) ઉમેદવારે સંબંધિત પરીક્ષા હૉલની બેઠક વ્યવસ્થા મુજબ એડમિટ કાર્ડમાં ઉલ્લેખિત બેઠક નંબર પર બેસવું આવશ્યક છે.

(iv) પરીક્ષા હૉલમાં પ્રવેશ મેળવવા માટે, સત્તાધીશ દ્વારા જારી કરાયેલ એડમિટ કાર્ડ સંબંધિત પરીક્ષા હૉલના સુપરવાઇઝરને બતાવવું જરૂરી છે. ઍડમિટ કાર્ડ વિના, પરીક્ષા હૉલમાં કોઈપણ સંજોગોમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.

(v) સંબંધિત ઉમેદવાર સિવાય, બીજા કોઈપણ વ્યક્તિને પરીક્ષા હૉલમાં પ્રવેશ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

(vi) પાઠ્યપુસ્તક, કોઈપણ સંદર્ભ સાહિત્ય, સ્લાઇડ રૂલ્સ, છાપેલ અથવા હાથથી લખેલ લોગ ટેબલ, ફોટોકોપી કરેલ લખાણ, ચીટ્સ, સેલ્યુલર ફોન (મોબાઇલ), પેજર અથવા કોઈપણ પ્રકારનું સાધન અથવા સાહિત્ય પરીક્ષા હૉલમાં લઈ જવાની મંજૂરી નથી.

**(vii) ફક્ત ઍડમિટ કાર્ડ, કાળી/વાદળી પેન, ફોટો ઓળખપત્ર અને નોન પ્રોગ્રામેબલ કેલક્યુલેટર જ પરીક્ષા હૉલમાં લઈ જવાની મંજૂરી છે.**

(viii) પરીક્ષા હૉલમાં પરીક્ષા શરૂ થાય તે પહેલાં, ઉમેદવારે સૂચનાઓ અનુસાર સ્પષ્ટ રીતે પ્રશ્ન પુસ્તિકા અને જવાબ પત્રક પર હાજરી સંબંધિત માહિતી દાખલ કરવી પડશે. ખોટી/અધૂરી/અસ્પષ્ટ માહિતીના કારણે ભવિષ્યમાં આવતી કોઈપણ મુશ્કેલી ટાળવા માટે કાળજીપૂર્વક માહિતી ભરો.

(ix) ઉમેદવારે એડમિટ કાર્ડમાં દર્શાવેલ બેઠક નંબર મુજબ પરીક્ષામાં હાજર રહેવું પડશે. ફાળવેલ બ્લોક નંબર અને બેઠક નંબર સિવાયના અન્ય બ્લોક/બેઠક નંબર દ્વારા પરીક્ષામાં હાજર રહેશે તો ઉમેદવારની ઉમેદવારી રદ થશે.

(x) પરીક્ષા પૂરી ન થાય ત્યાં સુધી ઉમેદવારને પરીક્ષા હૉલ છોડવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

(xi) ઉમેદવારે જવાબ-પત્રકમાં માહિતી અને જવાબો ભરવા માટે સારી ગુણવત્તાવાળા કાળા/વાદળી પેન લાવવાની રહેશે.

(xii) કોઈપણ પરિસ્થિતિમાં પુનઃપરીક્ષા લેવામાં આવશે નહીં.

## 3.3 પરીક્ષા હૉલમાં હાજરી સંબંધિત:

ઉમેદવારે પરીક્ષા હૉલના બ્લોક સુપરવાઇઝર પાસે પોતાની હાજરી દર્શાવવા માટે તેમને આપેલ એડમિટ કાર્ડમાં સહી કરાવવી જરૂરી છે. જવાબ-પત્રકમાં, ઉમેદવારે નિર્ધારિત સ્થળે સહી કરવી જોઈએ અને બ્લોક સુપરવાઇઝરની સહી પણ લેવી જરૂરી છે.

## 3.4 જવાબ પત્રકમાં જવાબો દર્શાવવાની પદ્ધતિ:

ઉમેદવારને પ્રશ્નના સાચા જવાબ વિશે ખાતરી થયે ઉમેદવારે જવાબ-પત્રક પર જેતે પ્રશ્ન સામેના જવાબના વર્તુળને કાળું ( Dark) કરવાનું રહેશે. જો ઉમેદવારના મનમાં જવાબ સંબંધિત થોડો પણ શંકા હોય, તો જવાબના કોઈપણ વર્તુળને કાળું ન કરવાની સલાહ આપવામાં આવે છે (એટલે કે વર્તુળ ખાલી છોડવું). જો એકવાર વર્તુળને કાળું કર્યા પછી કોઈપણ ફેરફાર કરવામાં આવશે, તો તે સ્વીકારવામાં આવશે નહીં અને તેવા જવાબને નિયમો અનુસાર NEGATIVE MARKING માટે ગણવામાં આવશે.

## 3.5 મૂલ્યાંકન પદ્ધતિ:

જવાબ-પત્રકનું મૂલ્યાંકન OMR ના સિદ્ધાંત પર કરવામાં આવશે.

(i) દરેક MCQ પ્રશ્નનું મૂલ્ય 2 (બે) ગુણ છે. દરેક સાચા જવાબ માટે 2 (બે) ગુણ આપવામાં આવશે.

(ii) MCQ પ્રશ્નના દરેક ખોટા જવાબ માટે 0.5 (1/2) ગુણ કાપવામાં આવશે (નેગેટિવ માર્કિંગ).

(iii) જો એક MCQ પ્રશ્ન માટે બે અથવા વધુ વિકલ્પો (જવાબો) પસંદ કરવામાં આવે તો ઉમેદવાર/છાત્રને 0.5 (1/2) ગુણ કાપવામાં આવશે (નેગેટિવ માર્કિંગ).

(iv) જો ઉમેદવારને જવાબ વિશે ખાતરી ન હોય, તો આવા પ્રશ્નનો જવાબ ન આપવાની સલાહ આપવામાં આવે છે જેથી કોઈ નકારાત્મક માર્કિંગ ન થાય.

**3.6 પરીક્ષા હૉલમાં કેટલાક કિસ્સાઓમાં રફ વર્ક કરવા સંબંધિત:**

- જો પરીક્ષા હૉલમાં રફ વર્ક કરવાની જરૂર હોય, તો તે પ્રશ્નપત્રમાં ખાલી જગ્યામાં કરી શકાશે. આ સિવાય, બીજા કોઈપણ સ્થળે કોઈ રફ વર્ક કરવું નહીં.

## સંપર્ક સરનામું


**સભ્ય સચિવ,**

**એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ,**

**એડમીશન બિલ્ડિંગ, લાયબ્રેરી ની બાજુમાં,**

**એલ. ડી. કોલેજ ઓફ એન્જિ. કેમ્પસ, અમદાવાદ 380015, ઈન્ડિયા**

**Ph. +91-79-26566000**

**E Mail: acpc.d2d@gmail.com**